Extra No. 433

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, DECEMBER 10, 2025 / AGRAHAYANA 19, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) સિનીયર સેક્શન એન્જિનીયરશ્રી (કાર્ય), નડિયાદના પત્ર નં.ડબલ્યુ/૨૫૬/૧, તા.૨૨/૧૧/૨૦૨૫

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ-૩૩(૧)નો ખંડ(ખ)

(૩) અત્રેની કચેરીના પત્ર નં.એમ.એ.જી/રેલ્વે ફાટક/વશી/૯૨૨/૨૦૨૫, તા. ૨૫/૧૧/૨૦૨૫

(૪) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી/રેલ્વે.ફા. સમારકામ/અભિ./૧૮૩૫/૨૦૨૫, તા. ૦૨/૧૨/૨૦૨૫

(૫) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, મોડાસાના જા.નં. પીબી/૪૦૫૯/૨૦૨૫, તા. ૦૪/૧૨/૨૦૨૫

(૬) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મોડાસાનાઓના પત્રનં. પી.ઓ.એલ./વશી/૯૩૨/૨૦૨૫, તા.૦૩/૧૨/૨૦૨૫

(૭) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, બાયડનાઓના પત્રનં. પીઓએલ/રેલ્વે ફાટક/વશી/ ૪૨૫/૨૦૨૫.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)ના ખંડ(ખ) અન્વયે

નં.એમ.એ.જી./જાહેરનામું/વશી/૯૫૭/૨૦૨૫.-સિનીયર સેક્શન એન્જિનીયરશ્રી(કાર્ય), નડિયાદના વંચાણે લીધેલ પત્ર-(૧)થી નડિયાદ-મોડાસા રોડ પર સ્થિત રેલ્વે ફાટક નં. ૮૨ અને ૮૬ રેલ્વે વિભાગના આવશ્યક સમારકામ કરવા સારૂ SH-59 મોડાસા-નડિયાદ સ્ટેટ હાઈવે પર હયાત વાહન વ્યવહાર રેલ્વે ફાટક નં.૮૨ માટે તા.૧૧/૧૨/૨૦૨૫ના રોજ ૦૮.૦૦ AMથી તા.૧૩/૧૨/૨૦૨૫ના રોજ ૦૮.૦૦ A M સુધી તથા ફાટક નં.૮૬ માટે તા.૧૩/૧૨/૨૦૨૫ના રોજ ૦૮.૦૦ AMથી તા. ૧૫/૧૨/૨૦૨૫ના રોજ ૦૮.૦૦ AM સુધી બંધ કરી ટ્રાફિક ડાઈવર્ટ કરવા સારૂ વિનંતી કરેલ છે. સદરે બાબતે રસ્તો બંધ કરી ડાયવર્ઝન આપવાનું થતું હોઈ વંચાણે લીધેલ પત્ર-૨ અન્વયે કાર્યવાહી કરવી જરૂરી જણાતી હોઈ વંચાણે લીધેલ પત્ર-૩થી સંબંધિત અધિકારીશ્રીઓના અભિપ્રાય મંગાવવામાં આવેલ. જે અન્વયે સંબંધિત અધિકારીઓ દ્વારા વંચાણે લીધેલ પત્ર-૪,૫,૬ અને ૭થી હકારાત્મક અભિપ્રાય રજુ થયેલ છે.

વાસ્તે, હું પ્રશસ્તિ પારીક, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)ના ખંડ(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ મોડાસા-નડિયાદ SH-5 9 પર આવેલ રેલ્વે ફાટક નં.૮૨ માટે તા.૧૧/૧૨/૨૦૨૫ના રોજ ૦૮.૦૦ AMથી તા.૧૩/૧૨/૨૦૨૫ના રોજ ૦૮.૦૦ AM સુધી તથા ફાટક નં.૮૬ માટે તા.૧૩/૧૨/૨૦૨૫ના રોજ ૦૮.૦૦ AMથી તા.૧૫/૧૨/૨૦૨૫ના રોજ ૦૮.૦૦ A M સુધી રેલ્વે વિભાગના આવશ્યક સમારકામ કરવા સારૂ રેલવે ફાટક નં.૮૨ અને ૮૬ બંધ રાખવાનું જરૂરી હોઈ આ રોડ પરથી પસાર થતા વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું. આ સમય દરમિયાન પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લીના અભિપ્રાય મુજબ નીચેના વૈકલ્પિક રસ્તાઓએ વાહનો ડાયવર્ટ કરવાના રહેશે.

રેલ્વે ફાટક નં.૮૨ માટેનો રૂટ

(૧) અમદાવાદ, ગાંધીનગર, તલોદ, બાયડ રોડ બાજુ તરફથી વાયા મોડાસા જતા વાહનો શીકા ચોકડીથી વાયા ભેંસાવાડા, શિણોલ, કિશોરપુરા ચોકડી થઈ લીંભોઈ રોડે થઈ મોડાસા તરફ જવા ડાયવર્ઝન આપવું.

(૨) બાયડ, ધનસુરા તરફથી મોડાસા, માલપુર તરફ જતા વાહનો વાયા અણિયોર થઈ માલપુર ચોકડી થઈ મોડાસા તેમજ માલપુર તરફ ડાયવર્ઝન આપવું.

રેલ્વે ફાટક નં.૮૬ માટેનો રૂટ

(૧) શામળાજી, રતનપુર બાજુથી આવતા વાહનોને સહયોગ સર્કલ તરફ ડાયવર્ઝન આપવું તેમજ સહયોગ સર્કલથી બાયડ, નડિયાદ તરફ જતા મોટા વાહનોને સહયોગ ચાર રસ્તા થઈ સોમપુર ત્રણ રસ્તા(માલપુર) થઈ અણિયોર તરફ મોકલવા.

(૨) અમદાવાદ, તલોદ, બાયડ નડિયાદ, ગાંધીનગર થી આવતા મોટા વાહનોને (ટ્રક) ગારુડી ગામ જવાના ત્રણ રસ્તા (મોડાસા-ધનસુરા રોડ) વાહન વ્યવહાર ગારૂડી ગામ તરફ મોકલવા.

(૩) શામળાજી, રતનપુર બાજુથી આવતા વાહનોને ગાંધીનગર-તલોદ બાજુ મોકલવા હજીરા સકર્લથી ડાયવર્ઝન આપવું તેમજ હજીરા સર્કલથી ભવાનપુર પાટીયા, કિશોરપુરા ચોકડી તરફ ડાયવર્ઝન કરી મોકલવા.

વધુમાં, મોડાસા જિલ્લા સેવા સદન ત્રણ રસ્તા, હજીરા ત્રણ રસ્તા, સહયોગ ચાર રસ્તા, રણાસણ ત્રણ રસ્તા તથા ધનસુરા ચાર રસ્તા ખાતે તેમજ રેલ્વે ફાટક વાળી જગ્યાએ ટ્રાફિક નિયમન થાય તે માટે વોકી-ટોકી સેટ સાથે ટ્રાફિકના માણસો મૂકવાના રહેશે તેમજ ટ્રાફિક નિયમન તંત્ર, પોલીસ તંત્રએ મોડાસા નગર પાલિકા, તેમજ સંબંધિત ગ્રામ પંચાયતોનો સહકાર મેળવી ટ્રાફિક નિયમન થાય, કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને સદર હંગામી પ્રતિબંધનો સુચારૂ અમલ થાય તે માટે તાત્કાલિક ધોરણે યોગ્ય આયોજન કરવાનું રહેશે. અગત્યના સ્થળોએ ટ્રાફિક પોઈન્ટ નિયત કરી ટ્રાફિક કર્મચારીઓ મૂકવાના રહેશે તેમજ જરૂરી સાઈન બોર્ડ, સૂચનાઓ અગાઉથી લગાવવાના રહેશે.

તમામને વ્યક્તિગત રીતે જાહેરનામાની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ આથી એકતરફી ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ તા.૧૦/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક,
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.10 14:43:08 IST